# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 14-01-2025 Day: Sunday Evening : 6.25 to 6.30 pm**

આકાશવાણી ભુજ સમાચાર **તૌફિક સમા** વાંચે છે.

---

## પરીક્ષા પે-ચર્ચા:

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની અધ્યક્ષતામાં પરીક્ષા પે ચર્ચાનું આઠમું સંસ્કરણ આવતીકાલે ભારત મંડપમ્, નવી દિલ્હી ખાતે યોજાશે. આ કાર્યક્રમ માટે ભુજની ઇન્દિરાબાઇ ગર્લ્સ હાઇસ્કૂલની ધોરણ 12ની વિદ્યાર્થિની ઝાલા મિતાલીબા વિજયસિંહની પસંદગી કરાઈ છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી દર વર્ષે પરીક્ષા પે ચર્ચા કાર્યક્રમમાં વિદ્યાર્થી, શિક્ષકો અને વાલીઓ સાથે સંવાદ કરે છે. જેનો મુખ્ય ઉદ્દેશ્ય વિદ્યાર્થીઓ અને માતા-પિતાને પરીક્ષા સાથે જોડાયેલા તણાવનો સામનો કરવા માટે પ્રેરિત કરવાનો છે.

---------------------------------------------------------------------------------------------------

## ઉત્તરાયણ પર્વ:

સૂર્યના મકર રાશિમાં પ્રયાણના અવસર એવા મકરસંક્રાંતિના પર્વ ઉત્તરાયણની કચ્છમાં પણ ઉમંગ, ઉત્સાહ અને ઉલ્લાસ સાથે ઉજવણી કરવામાં આવી રહી છે. વહેલી સવારથી લોકોમાં પતંગ ચગાવવા માટે અનેરો ઉત્સાહ જોવા મળ્યો હતો. રંગબેરંગી પતંગોએ આકાશમાં જાણે કે ઈન્દ્ર ધનુષી રંગ પૂર્યા હતા. ગામડાથી લઈને શહેરી વિસ્તારમાં લોકો ધાબાઓ ઉપર મ્યુઝિક સિસ્ટમ ગોઠવીને સંગીતના તાલ સાથે પતંગબાજી કરતા જોવા મળ્યા હતા. તો બીજીતરફ ભુજ સહિત જિલ્લામાં વિવિધ સ્થળોએ વન વિભાગ, પશુપાલન શાખા અને વિવિધ સંસ્થાઓના યોગદાન સાથે જીવદયા પ્રેમીઓ કરૂણા અભિયાન હેઠળ ઘાયલ પક્ષીઓની સારવારમાં વ્યસ્ત બન્યા હતા.

ખાણીપીણીના શોખીનો માટે ઊંધિયું, ફરસાણ, જલેબી, બોર તેમજ તલના લાડુની મઝા પણ માણી હતી. કચ્છમાં ઉત્તરાયણના પર્વ નિમિતે પ્રવાસીઓનો પણ ધસારો જોવા મળી રહ્યો છે.

---

## મસ્કત-ગુજરાતી સમાજ સુવર્ણ જયંતી:

ઈન્ડીયન સોશિયલ ક્લબ ઓફ ઓમાનની ગુજરાતી પાંખ મસ્કત ગુજરાતી સમાજની સ્થાપનાને 50 વર્ષ પુર્ણ થતાં આગામી ફેબ્રુઆરી માસમાં સુવર્ણ જયંતિ ઉજવાશે. આ પ્રસંગે રાજ્યના ગૃહમંત્રી હર્ષ સંઘવી કચ્છના સાંસદ વિનોદ ચાવડા,શેખ અનિલભાઈ ખીમજી સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહેશે.

અત્રે ઉલ્લેખનીય છે કે, મસ્કતમાં વસતા મૂળ કચ્છના અનેક અગ્રણી વેપારીઓ-ઉદ્યોગપતિઓ કચ્છ સાથે પુરી લાગણી થી જોડાયેલા રહ્યા છે અને વિવિધ સેવાભાવી સંસ્થાઓ મારફતે તેઓ અવિરત વતનની સેવા કરી કરી રહ્યા છે.

---

## પ્રધાનમંત્રી સુર્યઘર મફત વીજળી યોજના:

પ્રધાનમંત્રી સુર્યઘર મફત વીજળી યોજનાનો લાભ વધુને વધુ વિજ વરાશકારો સુધી પહોંચ તે હેતુથી પી.જી.વી.સી.એલ દ્વારા નખત્રાણા ખાતે જન જાગૃતિ કાર્યક્રમ યોજાયો હતો. જેમાં ઘર બેઠા ઉત્પાદિત સૌર ઉર્જાથી થતો આર્થિક ફાયદો,પર્યાવરણની સુરક્ષા સહિતના લાભો અંગે માહિતી આપવામાં આવી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે સુર્યઘર મફત વીજળી યોજના હેઠળ સરકાર દ્વારા સબસીડી આપવામાં આવે છે. તેમજ વપરાશથી વધુ બચત થયેલ વીજળી માટે યુનિટ દીઠ બે રૂપિયા 25 પૈસા બીલમાં જમા મળે છે.

---

## બોરવેલ-આવેદનપત્ર:

તાજેતરમાં ભુજ તાલુકાના કંઢેરાઇ ગામે બોર વેલમાં પડી જવાથી યુવતીનું મોત થયું હતું. આ પ્રકારની ઘટના જિલ્લામાં અન્ય કોઇપણ સ્થળે ના થાય તે માટે સાવચેતી રાખવાની જરૂર છે. અંજાર તાલુકાના બોઢારમોરા ગામના રૂપશી સાકરચંદ ઠક્કરે જિલ્લા કલેકટરને આ બાબતે આવેદન પત્ર આપી રજૂઆત કરી છે. જિલ્લામાં ખુલ્લા બોર ન રહે તે માટે લોકોમાં જનજાગૃતિ કેળવાય અને તંત્ર દ્વારા તે અંગેના યોગ્ય પગલા ભરાય તે જરૂરી છે તેમ રજૂઆતમાં જણાવાયું છે.

-------------------------------------------------------------------------------------

## પ્રાણી કલ્યાણ પખવાડીયાની ઉજવણી

રાજ્યભરમાં પ્રાણી કલ્યાણ બોર્ડ દ્વારા આજથી ૩૦ જાન્યુઆરી સુધી પ્રાણી કલ્યાણ પખવાડીયાની ઉજવણી કરવામાં આવશે. આ સપ્તાહ દરમિયાન રાજ્યભરમાં અબોલ પ્રાણીઓના કલ્યાણને લગતા તથા તેમના પ્રત્યે પ્રેમ વધે તે સંલગ્ન વિવિધ જનજાગૃતિ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવશે તેમ ગુજરાત પ્રાણી કલ્યાણ બોર્ડની યાદીમાં જણાવાયું છે.

-------------------------------------------------------------------------------------

## હવામાન:

જિલ્લામાં શિયાળાની કડકડતી ઠંડીએ જનજીવનને પ્રભાવિત કર્યું છે. પવનની ગતિને કારણે વાતાવરણમાં ડંખિલા ઠારની અનુભૂતિ વધુ તીવ્ર બની છે. આજે ઉત્તરાયણના દિવસે પણ ડંખિલા ઠારની અસર યથાવત રહી હતી. નલિયામાં લઘુતમ તાપમાન 6.8 ડિગ્રી નોંધાતા રાજ્યનું સૌથી ઠંડું સ્થળ બન્યું છે, જ્યારે ભુજમાં લઘુતમ તાપમાન 10.8 ડિગ્રી નોંધાયું છે.

હવામાન વિભાગે આગામી બે દિવસ દરમિયાન ઠંડીની તીવ્રતામાં વધારો થવાની આગાહી કરી છે.

-------------------------------------------------------------------------------------